ઉજવણીમાં આપણે સૌ એણે બનાવેલી રાખડીઓ ખરીદીએ. રક્ષાબંધનને દિવસે સૌ પોતપોતાનાં ભાઈબહેનને લઈને શાળાએ આવજો. અમે બધાં શિક્ષકો પણ એમાં જોડાઈશું.'' સૌ ખુશ થયાં.

(હવે રક્ષાબંધનના દિવસે શાળામાં શું થશે?)

દિવ્યેશે પોતાના મિત્રોની પસંદગીને ધ્યાનમાં રાખીને રાખડીઓ બનાવી. તેણે મોતી, ચણોઠી, કારેલાંનાં બી, લાકડાની પટ્ટીઓ અને તારામંડળના નકામા તાર જેવી પરચૂરણ સામગ્રીમાંથી રેશમી દોરા ગૂંથીને, રૂને મેઘધનુષના રંગનું કરીને જાતજાતની અને ભાતભાતની આકર્ષક રાખડીઓ બનાવી.

રક્ષાબંધનના દિવસે શાળામાં મેળો જામ્યો હતો. બાળકો આજે વર્ગના બદલે મેદાનમાં ઘૂમતાં હતાં. બધાંને આતુરતા હતી દિવ્યેશની રાખડીઓની. એટલામાં કુલફીની પટ્ટીઓથી બનાવેલું બૉક્સ લઈ હસતોહસતો દિવ્યેશ શાળામાં પ્રવેશ્યો.

દિવ્યેશના પ્રવેશતાં જ તેનાં મિત્રો તેની રાખડીઓ જોવા, ખરીદવા ટોળે વળી ગયાં. શાળામાં આવેલા વડ ફરતેના ઓટલે દિવ્યેશે બૉક્સ ખોલીને બધાં જોઈ શકે તે રીતે રાખડીઓ ગોઠવી. રાખડીઓ જોતાં જ દિયા બોલી, ''અરે, વાહ! કારેલાંનાં બીમાંથી બનાવેલી રાખડી? મેં તો પહેલી જ વાર જોઈ.'' ત્યાં જ રિયા બોલી, ''દિવ્યેશ, આ રાખડી મારા માટે ને!'' દિવ્યેશે હકારમાં માથું હલાવ્યું. મનોજ બોલ્યો, ''તને કેવી રીતે ખબર?''

રિયા બોલી, ''મને કારેલાંનું શાક ખૂબ ભાવે છે. દિવ્યેશ આ વાત જાણે છે.''

દિવ્યેશે રિયાને 'કારેલાં રાખડી' આપી. એટલામાં પ્રિયા બોલી, ''જો નેહા, પેલી લાકડાના પારાવાળી! કદાચ તારા માટે.''

નેહાએ કહ્યું, ''ખરેખર દિવ્યેશ, આવો વિચાર તો તને જ આવે. આ રાખડી કડા જેવી છે એટલે રક્ષાબંધન પછી પણ બારેમાસ પહેરવી ગમશે.

દિવ્યેશે કહ્યું, ''એટલે જ મેં બે બનાવી છે, બીજી રાખડી તારા માટે.''

આ રીતે શરીફા માટે સૂતરની, ભવ્યા માટે ઘૂઘરાવાળી અને પર્યાવરણના શિક્ષક માટે ચણોઠીની રાખડી દિવ્યેશે બનાવેલી. ધૈર્યે પૂછ્યું, ''દિવ્યેશ, આ મેઘધનુષ જેવી રાખડી..... કોના માટે?''

દિવ્યેશ બોલ્યો, ''તારા માટે, મારા ચિત્રકાર!''

ત્યાં નૈનેશ આગળ ધસી આવ્યો ને બોલ્યો, ''ને મારી?''

મધુર સ્મિત સાથે દિવ્યેશે કહ્યું, ''નૈનેશકુમાર કાપડિયા, તારા માટે આ કાપડના ફૂલવાળી 'ફૂલ રાખડી'. દિવ્યેશ પાસેથી આવી ખાસ રાખડીઓ ખરીદી સૌ ખુશખુશાલ થઈ ગયાં.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

રક્ષાબંધનની ઉજવણી શરૂ થઈ. દિવ્યેશે બનાવેલી રાખડી સૌ બહેનોએ પોતાના ભાઈઓને હાથે વિધિવત્ બાંધી. વડ નીચે બેઠેલો દિવ્યેશ આ બધું જોતો હતો. એને એની ઢીંગલી યાદ આવી. ઢીંગલી-એની બે વર્ષની બહેન. આજે એની સાથે નહોતી. દિવ્યેશ એને ખૂબ લાડ લડાવતો. એની ઢીંગલી માટે એણે કાપડમાંથી ઢીંગલી બનાવી હતી પણ દિવ્યેશની ઢીંગલી તો થોડા સમય પહેલાં જ બીમારીમાં સપડાઈને આ દુનિયા છોડી ગઈ હતી. દિવ્યેશની આંખોમાં આંસુ આવી ગયાં.

સૌ કોઈ પોતપોતાની ખાસ રાખડી બાંધી-બંધાવી ખુશ હતાં. તેવામાં રિયા દિવ્યેશ પાસે પહોંચી. તેણે જોયું કે દિવ્યેશની આંખમાં આંસુ હતાં. રિયા બોલી, ‘‘લે, તારો હાથ કેમ ખાલી? જો તનેય ગમી જાય એવી રાખડી મેં તારા માટે બનાવી છે. લાવ તારો હાથ. જો ભેટ તો હું લઈશ જ હોં!’’ આમ બોલતાં બોલતાં તેણે દિવ્યેશને રાખડી બાંધી દીધી. દિવ્યેશે રાખડી જોઈ. તેના પર ‘દિવ્યેશ’ વંચાયું. હવે ટીલડી વડે ગૂંથાયેલું દિવ્યેશ નામ ભીંજાયેલું હતું.

- **વાતચીત :**
  - વાર્તામાં તમને ગમેલાં ત્રણ વાક્ય નીચે લીટી કરો.
  - દિવ્યેશ તમારા વર્ગમાં ભણતો હોય તો તે તમારા માટે કેવી રાખડી બનાવે?
  - તમને દિવ્યેશ સાથે મૈત્રી કરવી ગમે? કેમ?
  - જો દિવ્યેશ તમારો મિત્ર હોય તો...
  - વાર્તા વાંચતી વખતે તમારી શાળા, ફળિયા, ગામ, સગાં-સંબંધીમાંથી તમને કોણ યાદ આવતું હતું? તેનામાં અને દિવ્યેશમાં શું સમાનતા છે?
  - નકામી પેનનાં ઢાંકણાં, પાણીની બૉટલ, જૂનાં સ્પીકર, ખોખાં, પૂંઠાં જેવી વસ્તુઓમાંથી શું શું બનાવી શકાય?
  - નકામી વસ્તુઓમાંથી તમને શું શું બનાવતાં આવડે છે?
  - આ વાર્તાનો કયો ફકરો તમને વારંવાર વાંચવો ગમે?
  - તમને ઘરમાં કયા નામથી બોલાવે છે? તમે તમારાં ભાઈ-બહેનોને કયા નામે બોલાવો છો?
  - તમારાં કોઈ બે મિત્રો/બહેનપણી માટે તમારે રાખડી બનાવવી હોય તો કેવી બનાવશો?

ત્રીસ સેકન્ડ માટે વૃક્ષાસનમાં ઊભા રહો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**દિવ્યેશને લગતી ત્રણ બાબતો : (૧) લાગણી (૨) આવડત (૩) ઘરની સ્થિતિ. જે વાક્ય કે શબ્દખંડને લાગુ પડે તેની પાછળના કૌંસમાં લખો.**

૧. ભૂખને રોકી લેતો. (..............)
૨. કારીગરી વડે અજબ સર્જન (..............)
૩. રંગોનાં છાંટણાંથી સજાવવું. (..............)
૪. રિયાને કારેલાંનું શાક ભાવે. (લાગણી)
૫. ઢીંગલીની યાદ (..............)
૬. આંખમાં આંસુ ધસી આવ્યાં. (..............)
૭. તારા માટે મારા ચિત્રકાર. (..............)
૮. મજા કરવી એ સપનાં સમાન. (..............)
૯. સજાવેલી વસ્તુઓ વેચી નફો મેળવે. (..............)
૧૦. કારેલાંની રાખડી (..............)
૧૧. રાખડી પરનું 'દિવ્યેશ' નામ ભીંજાઈ ગયું. (..............)

- **ચાલો, ગાઈએ ગીતડું... 'પાટીમાં મેં દરિયો દોર્યો...'**

**આપેલ શબ્દ કે શબ્દસમૂહ માટેનો અર્થ શોધો અને લખો.**

૧. **ટેકો કરવો : મદદ કરવી**

મમ્મી : તેલ મૂકી દીધું છે. વિવેક, ટેકો કરવા રસોડામાં આવ.

વિવેક : હા, હું આવું જ છું મદદ કરવા.
મારેય પૂરી વણતાં શીખવું જ છે.

૨. **ફુરસદ :** ..................................

ભરતભાઈ : તમને મળવા કાલે આવીશ. આજે મને ફુરસદ નથી.

સૌરભભાઈ : મારેય નવરાશ નથી. કાલે જ આવજો ઠીક રહેશે.

૩. **કારીગરી :** ..................................

જયમિન : મમ્મી, આ ઢીંગલીઓ તમે બનાવી?

મમ્મી : ના, દાદીએ. એમના જેવી બનાવટ મને ક્યાં આવડે છે!

૪. **પ્રવીણ :** ..................................

જયંતભાઈ : આપણે કોઈ દૃશ્ય વિશે બોલીએ કે જિગીષા તે તરત જ દોરી દે.

મનીષભાઈ : હા, જિગીષા ચિત્ર દોરવામાં કુશળ છે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વર્ગમાં ચર્ચા કરો અને જવાબ લખો.

૧. દિવ્યેશનું મકાન બનાવવામાં વપરાયેલી સામગ્રી : ..........................................

અમારું મકાન બનાવવામાં વપરાયેલી સામગ્રી : ..........................................

૨. દિવ્યેશ રહેતો હતો તેવા મકાનમાં રહેવામાં કઈ કઈ મુશ્કેલીઓ પડે?

૩. નવ વર્ષનો દિવ્યેશ એવાં ક્યાં ક્યાં કામ કરે છે જે તમે નથી કરતાં?

૪. દિવ્યેશના પપ્પા તેનાં વખાણ કેવી રીતે કરતા હશે?

## નજીકના અર્થવાળા વાક્ય સામે ✓ કરો.

૧. દિવ્યેશ ગરીબ માબાપનું હવે **એકમાત્ર** સંતાન.

- દિવ્યેશને એકપણ ભાઈ-બહેન નહોતાં.
- દિવ્યેશની બહેનનું મૃત્યુ થયું હતું.
- તેને ભાઈ-બહેન હતાં પરંતુ હવે સાથે રહેતાં નહોતાં.

૨. પેટ ભૂખથી બૂમો પાડતું હોય છતાં કુલફીને મોં સુધી ન લઈ જવા જેટલો **સંયમ તેણે કેળવી લીધો હતો.**

- ગરીબીને કારણે દિવ્યેશે પોતાની ઈચ્છાઓ પર કાબૂ મેળવી લીધો હતો.
- ઘરમાં વધુ પૈસા આપી શકાય તેથી દિવ્યેશે કુલફીખાવાની ઈચ્છા મારી નાખી.
- બહુ ભૂખ લાગે ત્યારે દિવ્યેશને કુલફી ખાવાની તીવ્ર ઈચ્છા થતી.

૩. દિવ્યેશ ઘણી હોંશથી પોતાની કલાકારીગરી વડે **અજબ સર્જન** કરતો.

- દિવ્યેશ ઘણા ઉમંગથી નવાં નવાં ચિત્રો દોરતો.
- દિવ્યેશ ઉત્સાહભેર નવી નવી વસ્તુઓ બનાવતો.
- દિવ્યેશ ખુશ હોય ત્યારે નવાઈ લાગે તેવી વસ્તુઓ બનાવતો.

૪. રક્ષાબંધનના દિવસે શાળામાં **મેળો જામ્યો હતો.**

- રક્ષાબંધનના લીધે શાળામાં ખૂબ ભીડ થઈ હતી.
- રક્ષાબંધનને કારણે શાળામાં ખુશીનું વાતાવરણ છવાઈ ગયું હતું.
- રક્ષાબંધનને દિવસે શાળામાં મોટી સંખ્યામાં બાળકો આવીને આનંદ કરતાં હતાં.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ જાનકી કારીગર છે. તેની વાત મોટેથી વાંચો.

મારું નામ જાનકી છે. હું ચોથા ધોરણમાં ભણું છું. એક દિવસ મેં દીવાસળી અને પતંગના દોરા વડે કંઈક નવું બનાવવા વિચાર્યું. સૌપ્રથમ મેં પાંચ દીવાસળી લીધી. એક દીવાસળીને ઊભી રાખી તેનું મોં બને તે રીતે કાળો ભાગ છોડી દોરો લપેટવાની શરૂઆત કરી. બીજી બે દીવાસળીનો કાળો ભાગ કાઢી દરેકના બે ટુકડા જોડાઈ રહે તે રીતે ગળાથી બંને બાજુ ત્રિકોણ બને તેમ જોડી ફરીથી દોરો લપેટવાનું શરૂ કર્યું. ખભો અને હાથ બને તે રીતે બંને તરફ ઉપર નીચે વીંટતા હોય તેમ લચ્છીની જેમ દોરો લપેટ્યો. ત્યાર બાદ બંને હાથ બહારની તરફ રહે તેમ અંદર દોરો વીંટ્યો. ઊભી સળીનો થોડો ભાગ બાકી રહે ત્યાં બીજી બે સળીનું મોં કાઢી, ગોઠવી પગ બનાવ્યા. તેની ફરતે દોરો વીંટાળવાનું ચાલુ રાખ્યું. કમર બને તેમ ગોળ દોરો વીંટાળ્યા બાદ બંને પગની ફરતે ફરીથી લચ્છી વીંટતા હોય તેમ દોરો લપેટ્યો. દોરાના છેડાને વળ ચઢાવી પગ બનાવેલ સળીને પગનો પંજો બને તેમ વાળી દીધી.



- **જાનકીએ શું બનાવ્યું? તે ઓળખો. આવું રમકડું બનાવવા પહેલાં શું કરશો? તે વિચારો અને કહો.**

## ⬡ તમારા શિક્ષકના ઉચ્ચાર ધ્યાનથી સાંભળો અને 'મારું નામ જાનકી...' ફકરાનું શ્રુતલેખન કરો. તમારી જાતે ચકાસો. શબ્દોમાં ભૂલ થઈ હોય તે શબ્દો લખો.

## ⬡ એક મિનિટ માટે આંખ બંધ કરીને બેસો અને સૂચના મુજબ કરો.

**(અ) દિવ્યેશની શાળામાં રક્ષાબંધનની ઉજવણી કઈ રીતે થઈ? તમારા શબ્દોમાં લખો.**

**(બ) દિવ્યેશની બહેન વિશે તમે શું જાણો છો? લખો.**

**(ક) દિવ્યેશ તમારો મિત્ર છે. તમે તેનો પરિચય મહેમાનને આપો.**

## ⬡ ત્રણ-ત્રણના જૂથમાં કામ કરો. પાઠના બે ભાગ અહીં આપ્યા છે તેમાંથી એક ભાગ પસંદ કરી તેના પરથી નાટક ભજવો.

૧. રક્ષાબંધનના દિવસે શાળામાં મેળો જામ્યો હતો. બાળકો આજે વર્ગના બદલે મેદાનમાં ઘૂમતાં હતાં. .................... રાખડીઓ ખરીદી સૌ ખુશખુશાલ થઈ ગયાં.

૨. રક્ષાબંધનની ઉજવણી શરૂ થઈ. .................... 'દિવ્યેશ' નામ ભીંજાયેલું હતું.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

અક્ષરના કદ પ્રમાણે દરેક શબ્દ બૂમ પાડીને, વાત કરતાં હોય તેમ, ખાનગી વાત કહેતાં હોય એ રીતે એમ ત્રણ વાર બોલો અને એક વખત લખો.

- હરખઘેલી ...................
- પ્લાસ્ટિક ...................
- ગિલ્લીદંડા ...................
- ઑક્ટોપસ ...................
- પર્યાવરણ ...................
- આઈસક્રીમ ...................
- ધીંગામસ્તી ...................
- શક્તિશાળી ...................

(અ) તમને તાળી પાડવી ગમે છેને? અહીં જેટલી તાળી તેટલા અક્ષર. જેમ કે ;

૧. એક તાળી હોય તો - હું, તે, મેં, જે, હેં, છે, છું, શું, તું

૨. બે તાળી માટે - મારું, મારી, તમે, સારું, ફર્યા

૩. ત્રણ તાળી હોય તો - સવાર, બપોર, જયંત, જમાડે, કૂદીને.

- તમારા શિક્ષક તાળી પાડે તે પ્રમાણે શબ્દ બોલો.

(બ) તમને તાળીના આધારે શબ્દો બનાવતાં આવડી ગયું છે. ચાલો, આ જ રીતે વાક્યો બનાવીએ. મહાવરો કરાવવા તમારા શિક્ષક તાળી પાડે તે મુજબ શબ્દો બનાવો.

| બે તાળી | બે તાળી | ત્રણ તાળી | એક તાળી |
|---|---|---|---|
| મારું | નામ | માનસી | છે. |
| હાથી | સૂંઢ | હલાવે | છે |

(ક) જોડીમાં કામ કરો. એક જોડીદાર તાળી પાડે. બીજો વાંચે તે રીતે 'મારું નામ જાનકી છે...' ફકરો વાંચો.

(ડ) તાળીઓની સંખ્યા વધારીને તમારા મિત્ર સાથે આ રમત રમો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**આ શબ્દો કયા કુટુંબના છે? જરૂર પડ્યે શબ્દકોશનો ઉપયોગ કરો કે વડીલોની મદદ લો. તેમને યોગ્ય ખાનામાં લખો. ખાલી રહેતા ખાનાં યોગ્ય શબ્દો શોધીને લખો.**

નાસપાતી, તૂરિયું, અશોક, કેળ, વાંસ, રામફળ, ફણસી, જૂઈ, અળવી, રજકો, કરેણ, ખાખરો, ગલકું, સ્ટ્રોબેરી, વટાણા, તરબૂચ, કોળું, કણજી, તુલસી, દૂર્વા, ડમરો, સાદડ, મેથી, પારિજાત, કુશ.

| ફળ | શાકભાજી | વૃક્ષ | છોડ | ઘાસ |
|---|---|---|---|---|
| નાસપાતી | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

**કુટુંબનો ન હોય તેવો શબ્દ કયો? તેના ફરતે વર્તુળ દોરો.**

**ઉદાહરણ :** સ્કૂટર, બસ, વિમાન, (ટેબલ), સાઈકલ      અક્ષર : ૩, ૨, ૩, ૦, ૪

૧. દીપડો, વાઘ, સિંહ, ડુક્કર, જિરાફ

૨. લીમડો, કેળ, પીપળો, આંબો, વડ

૩. ટીવી, મોબાઈલ, લૅપટૉપ, કમ્પ્યૂટર, ઈસ્ત્રી

૪. તૂરિયું, કોબીજ, ફ્લાવર, જામફળ, દૂધી

૫. વહાણ, સ્ટીમર, હોડી, હેલિકોપ્ટર, સબમરીન

દરેક કુટુંબમાં આવતા સાચા શબ્દો તપાસવા વર્ગને તાળીઓ પાડવા કહો. વર્ગને દરેક શબ્દ અક્ષર અનુસાર તાળીની સંખ્યાના આધારે સાચા કે ખોટા જવાબ તારવી શકાશે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ કુટુંબના સભ્યો હોય તેવા શબ્દો લખો.

ઉદાહરણ ૧. શાળા : ઘંટ, રિસેસ, પરીક્ષા, મસ્તી, રજા, મિત્ર,

૨. ખેતર : ..........

૩. ગાય : ..........

૪. ડૉક્ટર : ..........

૫. કુટુંબ : ..........

- ચાલો, ગાઈએ ગીતડું... 'પાટીમાં મેં દરિયો દોર્યો...'

⬡ તમારાથી ઊભું રહેવાય તેટલી વાર પગની આંગળીઓ પર ઊભા રહો.

ચાલો, આપણે સૌ 'સ' અને 'શ' ઓળખવાની શરૂઆત કરીએ.

- શિક્ષક વાંચે ત્યારે ધ્યાન આપો કે તેઓ કેવી રીતે 'શ' અને 'સ' બોલે છે.

૧. સંધ્યાટાણે મંદિરમાંથી શંખનો નાદ સંભળાયો. ૨. સરિતાએ સાંજે શીરો બનાવ્યો.

૩. દોડતા સાબરનાં શિંગડાં ઝાડીમાં ભરાયાં. ૪. શંકરલાલે સૂડી વડે સોપારી કાપી.

૫. સપનાને શમણું આવતાં તે સફાળી જાગી ગઈ. ૬. સૌરાષ્ટ્ર ઘણો રળિયામણો પ્રદેશ છે.

૭. પુસ્તકાલયમાં વધુ સમય પસાર કરી અંશુલ ઘરે પહોંચ્યો.

- આપેલી જગ્યામાં 'શ' કે 'સ' લખવાનો છે. શિક્ષક શબ્દ બોલશે. ખાલી જગ્યામાં તમે આવા શબ્દો ઉમેરો.

| | | | | |
|---|---|---|---|---|
| ....ેઠ | .... .... લું, | આ...િ..ષ | ....ગડી | ....ોય |
| ....ુંદર | ....કોરું | આકા.... | ....ાબુદાણા | અતિ....ય |
| રિ....ે .... | અદ....ય | ....ીતળ | ....ુક્રવાર | ....ર....વતી |
| ....ફળ | આં....ુ | ....મશાન | | |

- જૂથમાં કામ કરો. જૂથમાં બેસીને ઉપરના શબ્દોમાંથી કોઈ પણ ચાર શબ્દો બોલો. જેમાં બે વખત સાચો અને બે વખત ખોટો ઉચ્ચાર કરો. જૂથના બાકીના સભ્યો તમે જે શબ્દ ખોટો બોલ્યા હો તે નોંધી સાચો બોલી બતાવે.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **જ્યાં 'સ' અને 'શ' ની ભૂલ થઈ છે તે શોધો. ભૂલ સુધારીને શબ્દ ફરીથી લખો.**

| | | |
|---|---|---|
| ૧. સબરી .......... | ૨. પ્રકાસ .......... | ૩. સનિવાર .......... |
| ૪. સાંતિ .......... | ૫. શૃષ્ટિ .......... | ૬. સરશ .......... |
| ૭. આસીર્વાદ .......... | ૮. શૈનિક .......... | ૯. ઑગશ્ટ .......... |

- **આપેલી શબ્દજોડમાંથી કયો શબ્દ સાચો છે તે શોધો, લખો અને મોટેથી વાંચો.**

| | |
|---|---|
| ૧. પાસે-પાશે : .......... | ૨. સ્ટેસન-સ્ટેશન : .......... |
| ૩. ઑફિસ-ઑફિશ : .......... | ૪. પૈસા-પૈશા : .......... |
| ૫. શાવરણી-સાવરણી : .......... | ૬. શાબાશ-સાબાસ-સાબાશ : .......... |

- **'અ' અને 'બ'માંથી એક-એક શબ્દ પસંદ કરી વાક્ય બનાવો.**

**ઉદાહરણ :** સુંદર - શાળા

| અ | બ | મારી શાળામાં એક સુંદર ઔષધિબાગ છે. |
|---|---|---|
| સરળ | શેઠાણી | ૧. .......................................................... |
| સુંદર | શુભ | ૨. .......................................................... |
| સારસ | શાળા | ૩. .......................................................... |
| સંપ | દિશા | ૪. .......................................................... |
| સાગર | પ્રકાશ | ૫. .......................................................... |

- **ત્રણ-ત્રણના જૂથમાં કામ કરો. આપેલ વાક્યો વાંચો. ખાલી જગ્યામાં 'શ' કે 'સ' લખો. દરેક વાક્ય મોટેથી અને ઝડપથી ત્રણ વાર વાંચો. 'શ' અને 'સ'નો ઉચ્ચાર ચોકસાઈથી કરો.**

૧. ....ાંકડી ...ે...રીમાં ગાડી અટવાઈ જાય તેમાં ....ી નવાઈ!

૨. ......વાદિષ્ટ ....ાક ખાતાં મોંમાં ર......ના ફુવારા છૂટ્યા.

૩. અમારે ગામડે દિવ..... માં એકવાર ...ાકભાજીવાળો આવે.

૪. રાજાએ ર...ોઈયાઓને આદે..... આપ્યો.

૫. કાર્યની ....રૂઆત કરવા માટે દરેક ...મય ...ુભ હોય છે.

- **મોટેથી અને ઝડપથી વાંચો.**

૧. રશ્મિ રોજ સવારે સાત મિનિટ શીર્ષાસન કરે છે.

૨. આસપાસ આકાશમાં, અંતરમાં આભાસ;
ઘાસચાસની પાસ પણ વિશ્વપતિનો વાસ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ભાઈ બહેન

પાછલા તે પહોરની ઊડી ગઈ નીંદરા,
સૌ રે ઊંઘે ને અમે જાગતાં જી રે!
ઓશીકાં ઉપર બે ઓઢાડી ધાબળા,
ચૂપચાપ ભાઈબહેન ભાગતાં જી રે.
બિલ્લીપગે તે અમે ઉઘાડ્યા આગળા,
બાપુ ને બા તે શું જાણતાં જી રે!
હાથમાં તે હાથ લેઈ ભાગ્યાં ઉતાવળાં,
ખુલ્લી હવાની મોજ માણતાં જી રે.
ટાઢો તે હિમ જેવો વાય વહાલો વાયરો,
ધોળાં તે ધોળાં અજવાળિયાં જી રે;
ખેતર ને કોતરને ચાલ્યાં વટાવતાં,
ખૂંદી વળ્યાં તે આંબાવાડિયાં જી રે!
રૂપા તે રંગની રેતી વેરાયેલી,
પાસે વહે છે વહેણ વાંકડું જી રે;
છોડી રહેઠાણ આવું રૂપાળું મોકળું;
શાનું ગોઠે ઘર સાંકડું જી રે!



ઊડે અદીઠ રોજ ઝાકળની ચૂંદડી,
આજ એને ઊડી જતી ખાળવી જી રે;
છેડો ઝાલીને એનો જાવું આકાશમાં,
જોવું છે કોણ એનો સાળવી જી રે!
ખોળો ભરી વીણી શંખલાં ને છીપલાં,
આખાય વાદળમાં વેરવાં જી રે;
ઊંચે તે આભથી લાવીને તારલા,
ધરતીને ખોળે ખંખેરવા જી રે.
સોનેરી કોરની લાવીને વાદળી,
ચંદરવા ચાર કોર બાંધશું જી રે;
એની તે હેઠ અમે રહેશું બે ભાઈબહેન,
ભાવતી રસોઈ રોજ રાંધશું જી રે!

- બાલમુકુન્દ દવે

- **વાતચીત :**
  - કવિતા સાંભળતી વખતે તમને શું શું દેખાતું હતું?
  - આપણે સાથે ગાયા પછી તમને કેવું કેવું દેખાયું?
  - તમને સૌથી વધુ કઈ પંક્તિ ગમી? ગાઈ સંભળાવો.
  - રમવા માટે તમારે ક્યારેય ઘરેથી ચૂપચાપ ભાગવું પડ્યું છે? કેમ?
  - તમારાં ભાઈબહેન સાથે તમે ક્યાં ક્યાં ગયાં છો? ત્યાં શું કરેલું?
  - તમારે તમારું ઘર બનાવવું હોય તો ક્યાં ને કેવું બનાવશો?
  - તમે ક્યારેય રમતાં રમતાં ઘર બનાવ્યું છે? તેમાં કઈ વસ્તુઓનો ઉપયોગ કર્યો હતો?


મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**કવિતામાં એવી કઈ કઈ વસ્તુઓ છે જે આપણે જોઈ શકીએ, અડી શકીએ તેમજ જેને જમીન સાથે કે આકાશ સાથે કોઈ સંબંધ હોય? શોધો અને ઉદાહરણ પ્રમાણે કોઠામાં લખો.** સૂચનાની અક્ષરસંખ્યા [ ]

| દેખાય | અડકી શકાય (અડાય) | જમીન | આકાશ |
|---|---|---|---|
| રેતી | રેતી | રેતી | – |
| તારા | – | – | તારા |
| | | | |
| | | | |
| | | | |

**ભાઈબહેને કરેલી ક્રિયાની બાજુમાં (કરેલી) અને તે જે ક્રિયા કરવાની ઈચ્છા ધરાવે છે તેની બાજુમાં (ઈચ્છા) લખો.**

૧. ઓશીકાં ઉપર ધાબળા ઢાંક્યા. (કરેલી)
૨. ખેતર અને કોતર પગપાળા ચાલ્યાં.
૩. આંબાવાડિયાં ફરી વળ્યાં.
૪. ભાવતી રસોઈ બનાવવી છે.
૫. ઝાકળને ઊડી જતું રોકવું છે.
૬. ધીમેથી બારણું ઉઘાડ્યું.
૭. ઝાકળની ચૂંદડીનો છેડો પકડી આકાશમાં જવું છે.
૮. ઝાકળના બનાવનારને મળવું છે.
૯. ઘરની બહારના વાતાવરણની/હવાની મજા માણી.
૧૦. શંખલાં અને છીપલાં વીણી વાદળમાં વેરવાં છે.
૧૧. આકાશથી તારા લાવી ધરતી પર ખંખેરવા છે.
૧૨. ઘરના લોકોને જાણ ન થાય તેમ ભાઈબહેન ચૂપચાપ ઘરમાંથી ભાગ્યાં.

**જોડીમાં કામ કરો. વાક્ય વાંચો અને લીટી કરેલા શબ્દનો અર્થ શોધી ✓ની નિશાની કરો.**

૧. ઉનાળામાં સાંજના પહોરે ખુલ્લામાં ફરવા જવાથી ગરમી ઓછી લાગે.

**પહોર : છાંયો/સમય/રસ્તો**

૨. પ્રિયાને શરદી થઈ હતી એટલે મમ્મીએ આઈસક્રીમ ખાવાની ના પાડી દીધી પણ પ્રિયા રાત્રે બિલ્લીપગે રસોડામાં જઈને બે આઈસક્રીમ ખાઈ ગઈ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

બિલ્લીપગે : છાનામાના/ધીરે ધીરે/'મ્યાઉં' બોલીને

૩. નદીનું <u>વહેણ</u> એટલું ઝડપી હતું કે હોડીને કિનારે લાવવી મુશ્કેલ થઈ પડી.

વહેણ : જોરદાર/પ્રવાહ/દિશા

૪. મમ્મીની સાડી વચ્ચેથી સારી છે પરંતુ એની <u>કોર</u> ઘસાઈ ગઈ છે.

કોર : વચ્ચે/ધાર/છેડે છેડે/ચારે બાજુ

**વાક્યો વાંચો. ✓ કે ✗ કરો. ખોટું હોય તે સુધારીને બોલો.**

૧. કોઈ ઊઠી ન જાય તે માટે ભાઈબહેને કાળજી લીધી. ..........

૨. ખુલ્લી જગ્યામાં વાતા પવનમાં ભાઈબહેને નિરાંત અનુભવી. ..........

૩. ઠંડા પવનથી ભાઈબહેન થીજી ગયાં. ..........

૪. ખેતર વટાવતાં ભાઈબહેન ડરી ગયાં. ..........

૫. ભાઈબહેનને ઝાકળના બનાવનાર વિશે જાણવું છે. ..........

**વાક્યો વાંચો અને સાચુકલું છે કે કલ્પના છે તે લખો.**

૧. ખૂબ ઠંડો પવન વાય છે. (....................)

૨. ઊંચા આકાશમાંથી તારા નીચે લાવવા છે. (....કલ્પના....)

૩. અજવાળી રાતે ખેતર ફરવાં છે. (....................)

૪. ખુલ્લી હવામાં ફરવાનો આનંદ આવે છે. (....................)

૫. પથરાયેલું ઝાકળ ચૂંદડી જેવું લાગે છે. (....................)

૬. ભાઈબહેન ભાગ્યાં તે બા-બાપુને ખબર નથી. (....................)

૭. સોનેરી કોરવાળી વાદળી લાવવી છે. (....................)

**કાવ્યમાંથી બોલવામાં સરખા લાગતા શબ્દો શોધીને લખો.**

**દા.ત.** જાગતાં - ભાગતાં

| | | |
|---|---|---|
| આગળા - .......... | જાણતાં - .......... | વાંકડું - .......... |
| ખાળવી - .......... | અજવાળિયાં - .......... | બાંધશું - .......... |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

જોડીમાં કામ કરો ખાનામાં કવિતાના આધારે શબ્દો લખો. આડી હરોળમાં આવતા દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવીને બોલો.


**ઉદાહરણ :** ખુલ્લી, ખાલી બરણીમાં હવા તો હોય છે જ

| | શું | કેવો ? | કેવી ? | કેવું? |
|---|---|---|---|---|
| ૧ | હવા | – | ખુલ્લી | – |
| ૨ | | વહાલો, ટાઢો | | |
| | | | | |
| ૩ | | | | ધોળું |
| ૪ | | | ચાંદી જેવી | |
| ૫ | | | | સાંકડું |
| | | | | |
| ૬ | | | સોનેરી કોરવાળી | |
| ૭ | | | ભાવતી | |

બે-ત્રણ વાક્યમાં પ્રશ્નોના ઉત્તર લખો.

૧. ભાઈબહેને ઘરેથી ભાગી જવા શી યુક્તિ કરી?
૨. ભાઈબહેન ભાગ્યાં તેની મા-બાપને કેમ ખબર ન પડી?
૩. ઘરની બહાર એવું શું શું છે જે ભાઈબહેનને ખૂબ ગમે છે?
૪. ચૂંદડી શાની બનેલી છે? આવી ચૂંદડી જોવાની મજા ખતમ ન થાય તે માટે તેઓ શું કરશે?
૫. ધરતી અને આકાશ જુદી રીતે સુંદર લાગે તે માટે ભાઈબહેન શું કરશે?

ભાઈબહેને જે કર્યું, જોયું, અનુભવ્યું તે લખો.






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● **કવિતાના આધારે ફકરો પૂરો કરો.**

મારી અને મારા ભાઈ/બહેન (નામ) ..........ની એકાએક ઊંઘ ઊડી ગઈ પછી અમે આ ઘરમાંથી નીકળી જવાનો પ્લાન બનાવ્યો. સૌથી પહેલાં એક યુક્તિ વિચારી. ................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

*નમૂના તરીકે પ્રથમ હરોળમાં દરેક શબ્દનું ઝીલવાચન કરાવો. નીચે લીટી કરેલા અક્ષરોને ઉચ્ચાર કાળજીપૂર્વક કરો.*

**જોડીમાં કામ કરો. એકબીજાની સામે બેસો અને એક મિનિટ સુધી જોયા કરો. તે પછી નીચેની શબ્દ જોડ મોટેથી વાંચો.**

| અ | - | આ | ઇ | - | ઈ | ઉ | | ઊ |
|---|---|---|---|---|---|---|---|---|
| લલિત | - | લલિતા | દિન | - | દીન | ભોળું | - | તંબૂ |
| શેઠ | - | શેઠાણી | દિવસ | - | દીકરો | સસલું | - | કૂળ |
| મન | - | માન | ભૂમિતિ | - | દીપિકા | જુસ્સો | - | પૂજા |
| પવન | - | પાવન | ખડિયો | - | લીમડો | મુક્ત | - | ખેડૂત |
| સરસ | - | સારસ | આગિયો | - | બગીચો | દુશ્મન | - | મજબૂત |
| | | | પરોઢિયું | - | દર્શનીય | સુર | - | દૂષિત |
| | | | | | | સુંદર | - | કૂખ |
| | | | | | | સુખ | - | બૂમ |

● **શબ્દોમાં અક્ષરો સાથે જોડાયેલી નિશાનીઓ જુઓ.**

ચોથું ધોરણ ⟶ **ચો** - ચ + ો, **થું** - થ + ું , **ધો** - ધ + ો + ર + ણ



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

● કોષ્ટકમાં લીટી કરેલ અક્ષરને િ, ી, ુ, ૂ માંથી યોગ્ય નિશાની લગાડો. બનેલા શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| ક્રમ | અક્ષર | ી િ ુ ૂ | બનતો શબ્દ | વાક્ય |
|---|---|---|---|---|
| ઉદાહરણ | ખજર | ૂ | ખજૂર | ખજૂરનો દવા તરીકે ઉપયોગ કરવામાં આવે છે. |
| ૧ | ઘ | | | |
| ૨ | જઈ | | | |
| ૩ | પંછડ | | | |
| ૪ | પેન્સલ | | | |
| ૫ | પસ્તક | | | |
| ૬ | સરક્ષત | | | |
| ૭ | શક્તશાળ | | | |

## વાર્તા મોટેથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો.

જમણી બાજુએથી પોપટ અને ડાબેથી પોપટી આવ્યાં. માળામાં બચ્ચાં તેમની રાહ જોતાં હતાં. એક પોપટું જરાક તોફાની હતું. તે બધાંને ખસેડીને આગળ આવી ગયું. પોપટીએ તેની ચાંચમાં ઈયળ મૂકી. પછી તેને પગ વડે ખસેડ્યું. પોપટીએ પોપટું બે, પોપટું ચારને ખાવાનું આપ્યું. પોપટે પોપટું પાંચ અને ત્રણને.

૧. કોણ તોફાની હતું? ..........

૨. પપ્પાએ કયાં બચ્ચાંને ખાવાનું આપ્યું? ..........

૩. ઈયળનાં બચ્ચાંનું નામ શું હશે? ..........

૪. આ કુટુંબમાં કેટલા સભ્યો છે? ..........

૫. સાચા વિકલ્પ નીચે લીટી કરો : જમણેથી પોપટ આવ્યું/આવી/આવ્યો, ડાબેથી પોપટી આવ્યું/આવી/આવ્યો. તેમને જોતાં જ પોપટું એક આગળ આવ્યું/આવી/આવ્યો.

## હસીએ....

શિક્ષક : પાંડવો વનવાસ માટે ક્યારે નીકળ્યા હતા?
ચિંતન : સાહેબ, સવા નવ વાગ્યે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

શિક્ષક : આવું કેવી રીતે કહી શકે?

ચિંતન : સાહેબ, ‘વનવાસ’નું ઊલટું વાંચો.

### લગભગ સરખા :

**ઝૂલો**-હીંચકો; **માંજવું**-ઘસીને સાફ કરવું; **હોંશ**-ઉમંગ; **અનોખી**-બધાંથી જુદી; **કૌશલ્ય**-કળા કરવાની આવડત; **પારો**-લાકડાનો કાણાવાળો નાનો મણકો; **ચણોઠી**-એક વેલનું બી; **આગળ ધસી આવવું**-પહેલી હરોળમાં આવવું; **વિધિવત્**-નિયમ પ્રમાણે; **લાડ લડાવવા**-વહાલ કરવું; **અજબ સર્જન**-નવાઈ લાગે એવી બનાવટ; **આંખમાં આંસુ ધસી આવવાં**-દુઃખ અનુભવવું; **મુશ્કેલી**-તકલીફ; **મેળો જામવો**-ઘણા લોકો ભેગા થવા; **લચ્છી**-દોરાની ઝૂડી( ); **ઝીણવટપૂર્વક**-ખૂબ જ બારીકાઈથી; **પરસાળ**-ગામડાના ઘરોમાં પહેલા ઓરડાની આગળનો ખુલ્લી જગ્યાવાળો ભાગ; **શીર્ષાસન**-ઊંધા માથે થવું.




### તને સાંભરે રે....

- વાર્તામાં કયા વાક્ય ટુકડા નીચે તમે લીટી કરી હતી?
- તાળીવાળી રમતમાં શબ્દો અને વાક્યો બનાવવાનું કોને ઝડપથી આવડી ગયેલું? તમને જાતે આવડેલું કે મિત્રએ શીખવેલું? તમે તે રમત પ્રમાણે વાતો કરો છો?
- શબ્દકુટુંબની પ્રવૃત્તિઓમાંથી તમને કયું કુટુંબ યાદ રહ્યું? તેના સભ્યોનાં નામ કહો.
- કયા શબ્દો બોલવામાં-વાંચવામાં તમારે ભૂલ થતી હતી? તે ભૂલ કઈ રીતે સુધરી? હવે નવો શબ્દ વાંચવામાં આવે તો ભૂલ ના પડે તે માટે તમે શું કરશો?
- વાક્યની વાત સાચુકલી છે કે કલ્પના તે તમે કઈ રીતે નક્કી કર્યું હતું? તે વખતે મેં વર્ગમાં શું વાત કરી હતી?
- દિવ્યેશની વાર્તા ભણતી વખતે કોની કોની આંખમાં આંસુ આવી ગયેલાં? વર્ગમાં બીજાં કયાં બાળકોની વાત થયેલી? તમને કોણ યાદ આવી ગયેલું?
- એકબીજા સામે એક મિનિટ જોયા કરવાની રમત વખતે તમને શું થયું હતું? કયા વિચારો આવેલા?

- દરેક પાના પર તમને ગમતાં શબ્દો તે જાતે લખ્યા છે ને? તેમાંથી બે-ત્રણ શબ્દો વાંચો.

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

આવી રીતે કોઈ પણ બે શબ્દચિત્રો બનાવો.

## શબ્દચિત્રો




ચિત્ર : શ્રી મહેબૂબ એ. સૈયદ

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in